૪૭૪૩

સંગીત

सावकी मानो जु
छोकरा उपर.

रमुजी फारस.

બનાવનાર

ખલીફા દાદુ કાશમ કુલ ભાવનગર બંદરના
કસબાનો હજામ હાલ શીહોર.

છપાવનાર

કંસારા હરજીવન પરભુદાસ સીહોર
હજામ હાશમ નથુ રહેવાશી પાલીતાણા
હાલ સીહોર.
આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦

અમદાવાદ.
પાનકોરને નાકે બાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટિંગ પ્રેસમાં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યો.
સંવત ૧૯૪૭—સને ૧૮૯૧
કીંમત રૂ૦-૨-૬

મિત્ર અર્પણ પત્રિકા.

રાગ બનજારો.

આલા અરજ સુણો આ વારી, રહે મીત્રાઈ કાયમ હમારી;
મિત્ર મેગણુ આદમજી વલી, હજામ માગદ સુત અલી, જી
હાજી હુસેન ઈસ્માહીલ ભારી, રહે મિત્રાઈ કાયમ હમારી. ૧
મેગણુ મિત્ર મહમદ સલેમાન, સિપાઈ અબરાગખાં રહેમાન, જી
બીલાલ જમાલ રહે સુખકારી, રહે મિત્રાઈ કાયમ હમારી. ૨
બંદુ અબદેરહેમાન ઈબ્રાહીમ, હજામ મહમદ પીતા આદીમ. જી
ગોપાલ ગાંડા મનીઆર હે ભારી, રહે મિત્રાઈ કાયમ હમારી. ૩
એજ રહે ભાવનગર બંદર, બીજા રહે શીહોર ગામ અંદર. જી
નિશ્ચે મુજબ જુવો નીરધારી, રહે મિત્રાઈ કાયમ હમારી. ૪
સિપાઈ મોતી મલેક મીત્ર મારા, જીવરાજ કાનજી મારૂ કંસારા, જી
લઘુ બંદુ હાસમ નથુ ભારી, રહે મિત્રાઈ કાયમ હમારી. ૫
ઓધવ આનંદજી ખત્રી ગોર, પાનીતાલે રહે બંદુ જોડ, જી
સારસત કનૈયા સુખકારી, રહે કાયમ મિત્રાઈ હમારી. ૬
દાદુ કાશમ મારૂં છે નામ, કુલ કસબાતી હું છું હજામ. જી
...ગ્ર ગહી આ વારી, રહે મિત્રાઈ કાયમ હમારી. ૭

લી० નમ્રતા શેવક.

હજામ દાદુ કાશમ ભાવનગર.

મિત્રતા આર્ચયગ.

સંગીત સાવકી માનો જુલમ નાના છોકરા ઉપર રમુજી ફારસના પાત્ર જન.

નામ. — નિશાની.

લવજી..................હેમરાજની આગલી સ્ત્રીનો પુત્ર.
લલ્લુ..................લવજીનો ને મગનનો મિત્ર.
મગન..................લલ્લુનો ને લવજીનો મિત્ર.
હેમરાજ પટેલ........વલભીપુરનો રહીસ કણબી.
કડવી..................હેમરાજની નવી સ્ત્રી.
કસ્તુર............કડવીની સખી ને અમરચંદની નવી સ્ત્રી.
મણીબા..................કસ્તુરની ઓરમાન દીકરી.
અમરચંદ..................વલભીપુરનો રહીસ વાણીઓ.

બનાવ બનેલ વલભીપુરમાં.

પ્રવેશ ૧ લો.

સ્થળ--રમત ભુવનને રાજ માર્ગ.

પાત્ર જન–લવજી, લલ્લુ, મગનને પછીથી હેમરાજ.

લવજી–(વીચાર કરે છે.) **ચંદ્રમુખીને એકલી. એ રાગ.**

શંકર મારી શી ગતી, ઘરમાં છે મારે દુ:ખ અતી.
ગીલા કરે ઓરમાન માત, જગતની માહી અતી. ટેક.
તરછોડે છે મને અરે, અનાજ ખાવા દે નહી,
ચાર દીવસના અપવાસ છે, આ દેહની માંહી સહી
વનવન ભટકું હું અરે, ઈશ્વર હવે હું શું કરૂં;
કીસ્મીતમાં શું લખ્યું હશે, વીખ ખાઈને હું તો મરૂં. શં.
માતા ઓરમાન તું હવે, દઈશ નહીં ઈશ્વર કોઈને;
નોંધારા થઈ બેસે જે બાળ, દે જે દુ:ખ તં જોઈને. શં.
જુઓ બોલ્યા કોણ છે, મિત્ર બંને મારા સહી.

લલ્લુ મગન તે તો ખરા, દુઃખ મારૂં કહું નહીં. શાં.
(મગન ને લલ્લુ પ્રવેશ કરે છે અને પોતાના મીત્રને
ઉદાશી જોઈને.)

બંને- **રાગ માઢ.**

મને ગમે નહીં કાંઈ, રે, કેમ મિત્ર ઉદાશી;
નાની વેમાં ફીકર બહુરે, તું તો લાગે આપવાશી. ટેક.

લલ્લુ-ના જો કહે તો મિત્ર મારા, જગતપતિના સગ;
સોસ છોડી દેને છબીલા, ન રાખ કાંઈ સરમરે. કેમ.

લવજી-કર જોડીને કહું તમને મિત્ર મારા વાત;
રાત પાંચ થઇ ગઇ છે, અન વીનાની આંતરે. કેમ.

મગન-ઉમંગ છે મારા અંતર માંહી, પુરૂં મનની હું આસ,
પરભાશંકરની વીસી માંહી, જગાડું તુંને ખાસરે. કેમ.

હેમરાજ-(આવીને)

લેલી લેલી પુકારૂં એ રાગ.

રખડવામાં નહીં કાંઈ સારૂં, કેટલી વખત તુંને હું વારૂં. ટેક.
રખડવામાં ઇજ્જત તારી જાય, તારી માતા ગુસ્સે બહુ થાય;

લવજી-મુજ પીતા ધરો નહીં શોક, ઘરે આવું તો દુઃખ અથોક.
જીવ શીદ બાળો છો તમારો.....................

હેમરાજ-........ધન્ય ધન્ય મુજ પુત્ર પ્યારો. (બંને જાયછે.)

મગન-ફાળ પડી સુકાય શરીર, ઘેર ગયો ભુખ્યો લવજી વીર.

લલ્લુ-રસોઈ ઘરે હશે તૈયાર, ચાલો આપણે શી હવે વાર.

મગન-ચંડાલી છે તેની તો માત, પાછા મળીને પુછશું વાત
(બંને પોત પોતાને ઘરે જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ-હેમરાજ પટેલનું ઘર.

પાત્ર જન-કડવી, કસ્તુર, મણીબા, પાછળ હેમરાજ ને લવજી.

કડવી-(કસ્તુર પ્રત્યે) **પ્રિય મિત્ર વિના હે ભાઇ. એ રાગ.**

બનવા કાળે સર્વ બનનારૂં, એક કામ આરંભવું સારૂં. ટેક.

નારી રીત જાણું હું ભારી, શોક સુત નખાવું મારી; જી
વચન માની લેજે સખી મારૂં, બનવા કાળે સર્વ બનનારૂં.
કસ્તુર—નારી જગમાં કહેશે નઠારી, અંતે થશે તારી તો ખુવારી જી.
રગી રગી કહું નીરધારી, સાહસ કરમાં સખી તું મારી.

કડવી— **દોહરો.**

દાઝ છે મુજ દીલ વીશે, અકળાવું હું આજ,
દુઃખ મારૂં કારે મટે, કરૂં પુરણ હું કાજ.

કસ્તુર— **કામ છે દુષ્ટ વીકારી. એ રાગ.**

કામ કરીએ નહીં નઠારૂં, બેની કદી કામ કરીએ નહીં નઠારૂં.
ચંચળ ચતુરનો એજ ધરમ છે, સર્વે કરશે એ સારૂં બેની
મણી પુત્રી જે મુજ સ્વામીની, તે બીન લાગે અકારૂં. બેની.
કુળને કલંક દઈએ ન બેની, સર્વ કરીએ સારૂં સારૂં. બેની.
લવજી પુત્ર સમજ ને તારો, કર તું મારૂં વહાલું. બેની.

કડવી—કહું છું નસીબે દુખીઓ કીધો છે. એજ રાગ.

મુજ બેની કસ્તુર બાઇ, કરશો નહીં તમે વાતજ કાંઇ. ટેક.
ચંચળ ચતુરનો એજ ધરમ છે, તે તો બજાવવો મારે આઈ. મુ.
લવજીની જ્યારે લાશ કરાવું, તો તો સબાશી તું દેજે સદાય. મુ.
મારા સ્વામીને ખુબ ચડાવી, મોત કરાવું તેનું હું સાંઈ. મુ.
નાકર બેની નીરાશ મુજને.....................................

કસ્તુર—..............તારા કરમ તારી સાથ સદાઇ. મુ.

લેલી લેલી પુકારૂં બનમેં એ રાગ.

મેં ગણી તુને બહુ સારી, પણ કેવળ નીકળી નઠારી.
મણી આવી જો પુત્રી મારી, શું કામ છે પુત્રી પ્યારી.

(આવીને ,

મણીબા—(નસક નાગની એક ચુડી, માતા મને લાગે છે રૂડી.
ચીર સાડી ઝાંજર છે ડગર, દુળશી માળાને બાંટ અગર.
પાંચ રૂપિઆ કીમત તેના સારા, ચાલ મા બોલાવે બાપા મારા.
કસ્તુર—ઈઆ કામ પડયું શું મારૂં, ચાલ પુત્ર આવું બહુ સારૂં

(કડવીને)ધાટ ધડગો એની દુ ખકારી, પાછી આવીશ પાસેકાલે તારી.
કડવી-સીદ એમ કહે સખી પ્યારી, આવજે આવજે એની મારી.
કસ્તુર માણીગા જાય છે ને હેમરાજ ને લવજી પ્રવેશ)
કરે છે તેને જોઇને અતી ક્રોધમાં.)

સુણો દીલ્લી તખ્ત ધરનાર એહ રાગ.

કડવી-વીખ જેવો લાગે તારો સુત,ભેગો ને ભેગો તારી ભમેરે.
ગેર ચાલ ચાલે છે તારો પુત, તે તો મને નહિ ગમેરે. ટેક.
રે મનથી મારા અંતરમાંય; ભેગો.
નીશ્ચે મરી ચહું વિખ ખાઇ. તે તો.
હેમરાજ-જક કર નહિ તુ જીવ જાન, તારી વીના તો ચાલે નહિરે;
મારો જીવ કરૂં કુરબાન. તારી.
કડવી- તરસોડી દે તારો હવે પુત, ભેગો.
નો ગમે તારો મને સુત. ભેગો.
લવજી-=કર જોડી નમુ મુજ માત, વીનતી તમે સુણો મારીરે;
શરમ લાગે નહિ કેહેતાં મુજને વાત, ભુખ તો મને લાગી ભારીરે.
કડવી-બાર દીનો પડગો છે બોરો લોટ, ધડાને તુ તો ખાને ઘરમાંરે;
તીસ દીવસની કરજે તું તો છોટ, પછી હું નહિ દઉ ખાવારે.
લવજી- (સ્વગત) **પુર્ણ થયો છે ખેલ. એ રાગ.**
હરીનાથ મહાદેવ, હરહર શંભુ હરીનાથ મહાદેવ; ટેક.
જાર બાજરી ખાઇ અંતર ભરવા તું, છે જગતનો દેવ. હર.
મનને ગમે તુંજને તે મીઠું, સદા કરૂં તારી સેવ. હર.
(જાય છે.)

- (હેમરાજને) **મેનાવતી માતા. એ રાગ.**
રમત રમે છે નીત પુત્ર, લવજી તુજ તણો;
હેમરાજ-હે પ્રાણ મારી, બાળક રમેરે દીન દીન ઘણો. ટેક.
કડવી-વાલા તમે તો મન વીચારો, દીલની કાઢો દાજ;
શીશ ઉડાવો સ્વામી તમે તો, તુંજ પુત્રનું આજરે. ૨.
હેમરાજ-ભાન કેમ ભુલી તું ભામની, કર તું દીલ વિચાર;

વન વન પુત્ર છે મુજ વાલો, મારૂં કેમ આ વારરે. હે
કડવી–નવ માનો જો પ્યારા મારા, પીયર વસુ જઈ આજ. ર
ગળા ફાંસો ગળે હું બાંધુ. એજ પુત્રને કાજરે.
હેમરાજ–રડ નહીં તું વાલી મારી, પુરજે મનની આશ;
બનવા કાળે સર્વ બનશે, કરૂં હું સુતની લાશ હે.
કડવી–દિલ મારૂં રાખ્યું તમે દાના, પુરી મનની આશ;
રંગ ભુમીગાં રમો નાથજી, પુત્ર થશે મારે પાંચરે. ર.
(પડદો પડે છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ–અમરચંદની હવેલી.

પાત્રજન–અમરચંદ, કસ્તુર, ત્યાર પછી ગણીબા,

અમરચંદ–(કસ્તુરપ્રત્યે) **ખુશ રહો સનમજા. એ રાગ.**
નિરાશ કેમ તું થઈ, પ્રાણથી પ્યારી;
સાર તેનો મુને સમજાવ, અરે દીલદારી. ટેક.
કસ્તુર–નિરાશ નથી હું નાથ, પ્યારા મારા,
નાર હેમરાજની જે, કડવી વિચાર નહારા;
અમરચંદ–રીત તેની જણાવો આજ, મુને દીલ ધારી,
નીરાશ કેમ તું થઈ, પ્રાણથી પ્યારી.
કસ્તુર–બાળક તેનો જે પુત્ર, લવજી પ્યારો,
રીત જાણે નહીં તે સુત, નથી તે નહારો.
અમરચંદ–અરે એની શી છે વાત કહોને પ્યારી,
બાળકની બરોબર વાત, કહો દીલ ધારી.
કસ્તુર–જીવ કઢાવશે તેનો આજ, તેના સ્વામી કને,
નાશ કરાવીશ હુ ખાસ, કેતીતી મુજને.
અમરચંદ–વન કર નહીં વલોપાત, પ્રીયા જન મારી,
રટ શ્રી કસ્ન તું નામ, અરે દીલદારી.
કસ્તુર–પાડોશીનો જે, ધર્મ છે કહેવાનો,

અમરચંદ–છેલો છે અંક એજ, પ્રીયા દેવાનો.
મણીબા–(પ્રવેશ કરીને) **હુમ તો આસક હે, એ રાગ.**
આરે માતા ઉઠોને, મુજ પીતા તો સહી,
રશોઈ તો સર્વે આજ તો, માતાજી થઈ રહી. ટેક.
બીજી કાંઈ વાર નથી, ઉઠોને માતા તમે,
હર હર શંભુનું તમે, પુજન તો કરો તહીં. આરે.
કસ્તુર–જા પુત્રી વાર આંહી તો; જરાએ પણ નથી,
માહાદેવનું પૂજન કરી, ઓવીએ ત્યાં સહી. આરે.
અમરચંદ–નીત્ય સેવામાં હમારી, પુત્રી તું રહે છે,
છેલો શબ્દ એજ છે, કે આશીશ તુજને દહી. આરે.
મણીબા–રીત તમે તો જાણો છો, પુન્ય પ્રતાપી તમે.
માતા મારી શું લક્ષ્મણા, પાયે નમું હું સહી. આરે.
(સર્વ જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ–ગામનો દરવાજો.

પાત્ર–લલુ, મગન, લવજી. [લલુ, ગગન પ્રવેશ કરે છે. લ·
વજીને આવતો જોઈને.
બંને– **મુજે છોડચલે બનજારા.** એ રાગ.
ઘરે શું થયું મીત્ર મારા, કેને સુખ દુઃખ સર્વ તારા,
લલે–રસોઇ જમ્યો કેનહીતું ભાઈ, શરમ રાખીશ નહીતું અહીં.
આજ સુખછે કે દુઃખ પ્યારા, ઘરે શું થયું મીત્ર મારા.
વજી–એ વાત કહુ હું તુજને, ખુબ જમવા મળ્યું છે મુજને,
·ી અડચણ મુજને કાંઇ, સત્ય સત્ય કહું છું ભાઈ,
–બસ બસ સર્વે થયું છે સારૂ, હવે પેટ ભરાયું તારૂં,
રસોઇ જમ્યો મીત્ર તું મારા, ઘરે શું થયું મીત્ર મારા,
લલુ–બસ મીત્ર કહું છું તુજને, દીલગીરી મટી હવે મુજને,
છેલાઈ છે વીચારો અમારા, ઘેર શું થયું મીત્ર મારા,
લવજી–પછે કયું કે ખેતર તું જાજે, હું જાઉં છું તેતો કાજ,
સાતી જોડવું છે મારે ત્યાંઈ, સત્ય સત્ય કહું છું ભાઈ.

મગન—વળતી ફેરી પછો તું મળજે, જેમ કહે તેમ તું કરજે.
નવ થાજે નીરાસ તું પ્યારા, ઘેર શું થયું મીત્ર મારા. (જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થાળ—ખેતર જવાનો રસ્તો.

પાત્રજન—હેમરાજ.

હેમરાજ— [સોગત] **સાવધ થા મમ પ્યારી એ રાગ.**

હાય હત્યારી નારી કપટરૂપી. હાય હત્યારી નારી. ટેક.
લવજી પુત્રની લાશ તું કરાંવે, ધ્રિક બુદ્ધિ ધિક તાહરી કપટ.
મેર ન આવે મુજ લલનાને, કામ કરાવે તે જારા, કપટ.
રેમ કેમ હૂં રાખુ રૂદાગાં, સુખી રાખું શીત હરનારી. કપટ.
હારરેશે પુત્ર લવજી મારો, જોયું ન જાય તે વારી. કપટ.
નજરે કેમ જોવાશે મારે, તડફડસે તે વારી. કપટ.
કસાઈ કેરો ધંધો કરવા, જવું પડે જખ ગારી. કપટ.
રીડ પાડશે પુત્ર લવજી મારો, તીર મારીશ તે વારી. કપટ.
છેલ ચતુર છે સુત મારો, તે પર જાઉ બલહારી. કપટ.
શ્રી કૃશ્ન હવે સાય કરોને, ઓથ એકજ છે તારી. કપટ.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ખેતર. **પાત્ર**—હેમરાજ ને લવજી.

(લવજીનું સાંતી મોહોર છે તેની વાસે હેમરાજનું સાંતી છે તેના હાથમાં ભાલું છે તે મારવા જાય છે એટલામાં એક મોટો છોડ જારનો નજર આવે છે તે જોઇને.

લવજી— (હેમરાજને) **ત્રોટક છંદ.**

શીવ બરાબર મુજ પીતાયરે, કર જોડી નમું તેમને તો ખરે. ટેક.
હોંશ છે મુજ દીલની માહી ઘણી, સીરપર ઈશ્વર મોટા ધણી,
રતન જેવો છોડ શોભીતો અરે, ચાર દીમાં પોંખ ખવરાવે ખરે.

મા ભાગશો પીતાજી એને તમે, નાના છોડ મને તે નાહીં ગમે.

હેમરાજ—(મનમાં) **રાગ સીતાજીના મહીનાનો.**

કરત નઠારૂં હું કામ, અરે મારા હાથથી;
સાહસ કરત હું રે ચંડાળ, ધીક દેહ આજથી. ટેક.
રીત જાણી નહીં મે તો કાંઈ, અંધ બન્યો ઓરતમાં,
બળવંત બાળે વેશ, મારત આ હું ખેત્રમાં.
જારે મારત ઉછરેલો પુત્ર, ઉમેદ રાખત બાળની,
રજે આ તો મારી સાથ, ધીક ઉમેદ બાળની,

(જાહેર) જેમ તેત્ર ઉપર બાજ છે (એ રાગ.)

ખોટ બેસત મુજને ખરે, મારત આજ હું તુંજને,
ખતા ખાઇ બેસત નાત જાતમાં, હવે મારને તું મુજને. ટેક
રીત જાણી નહીં કાંઈ, અંધ બન્યો તારી હું માતમાં,
મને ધીક કહેત લોકને, ફીટકાર નાત જાતમાં. ખોટ.

લવજી—શીરતાજ મારા છો તમે, શીદ રાખો તમે દીલગીરી,
તન મન ને વળી ધનથી, નમું નાથ સદા ઇશ્વરી. ટેક.
પાપ વખતે તો પુન વળી, આડું આવી ચડે તે જાણજો,
છેલો શબ્દ મારો એજ છે, પીતાજી સર્વ પીછાન જો. શીર.

હેમરાજ—ઠીક થયું સર્વે આજથી, ચાલોને પુત્ર તમે ઘરે,
કાડવી છે નારને તો હવે, દીલ દાઝ છે મુજને અરે. ખોટ.
નાના બાળક એના થાયતે, ગોળ માંગે તે તો દાહાડા વીશે,
હે હાલો પુત્ર હવે તમે, તુજથી સુખ સર્વે દીસે, ખોટ.

પ્રવેશ ૭ મો.

સ્થળ—હેમરાજ પટેલનું ઘર.

પાત્ર—કડવી—હેમરાજ—કસ્તુર—લવજી—સર્વ પાત્ર જન પક્ષીથી.

કડવી—(સવત) **પૈસે જેસી ચીજ જગતમે. એ રાગ.**

મેં કામ આરંભીયું સારૂં, ફાંસ કાઢી મેં તો ભારી;
રંગ અનંગ રમાડો પતીને, કેવી ઠગારી હું નારી; ટેક.
બાળ મારાને સુખજ કરવા, કરો મે તો પુરણ વીચાર;

નર નહી નારીને તાબે, તે નારીને છે ધીકાર. મે કાગ.
મે તો મારા પતીની પાસે, શબ્દ એક સાનો કીનો;
પીયર જવાનું કીધું પતીને, દીલમાં કંથજી બહુ બીનો. મે કામ.
ગળી ગયા મુજ ગાયન માંહી, શબ્દ મને છાનો કીધો;
લવજી પુત્રની લાસજ કરવા, કોલ મુને ખરો દીધો મે કામ
વીરહવીયા કુળ કરે પુરૂષને, સગા સર્વ તેતો ત્યાગે.
યાર કંઈ ત્યાં આશક બનીને, ગુલામ બને કાગા આગે. મે કામ

હેમરાજ–(આવીને કડવી પ્રત્યે)

શ્રી જગતના પતી. એ રાગ.

કરીયું પુરણ મેં કામ, પુરી તારી મે હામ;
રહે સદા તું સુખી પ્યારી, તુજમેં આરામ. ટેક.
નર નારી વીનાની માણુા, જાણો જગતની માંય.
તન મન ધન શોંપુ પ્યારી, તુજને સદાઈ. કરીયું.
થારા ગુણ જો આ પ્યારી, પ્રાણ દીલો જાન,
ચંચલ ચતુર તું છબીલી, તુજપર જીવ કુરબાન.કરીયું.
ધોળ મંગળ ગવરાવો પ્યારી, કરો અતી ગુલતાન,
(મનમાં) રડીસ અતી તુહી ધુસકે, જ્યારે કાપીશ કાન.કરીયું.

કડવી––(હેમરાજને) **રાજા હુમે કોમકા એ રાગ.**

નર કળાઅલ નારી થકી છે, સુણો સ્વામીનાથ;
માનવંતાને મોટા ભુપ, કામાથી જોડે હાથ. ટેક.
થીર થઇન બેસે ઠરીને, ના હોય ધરમાં નાર,
એક વચન કહું છું તમને ઉત્તર દીઓ આવાર.
કર જોડી કહું કંથજી, વચન મારૂં એક,
પતીવ્રતાનો ધરમ પાળું, કેવી મારી ટેક.
નવમો માસ ચાલે નાથજી, ઓધાનની છે આશ,
ઘોડીયું ઉતરાવો ઘુઘરીઆળું, પોઢશે પુત્ર ખાસ.
રંગ અનંગ રમો નાથજી, રહીને મારી સાશ,
નરનારી નીપજાવ્યા નાથે, ચૌદ ગુણની સાથ.

હેમરાજ (ગુસ્સે થઇને) **સાડે તીન પેસે શેર. એ રાગ.**

મારા ઘરમાંથી નીકળ, કહું આજ તુનેરે; કહું કહું. ટેક.
લવજી પુત્રની લાસ કરાવા, પુરણ કીધો વીચાર;
મને ફંદામાં તેં ફસાવી, ધીક તુને ધીક્કાર. મારા.
નરને નાખે નારી ફંદામાં, અનેક કરી ઈલાજ;
થીર થઈ ન બેસવા દીએ તે, કુડા કરાવે કાજ મારા.
તેતરને જેમ બાજ મારે છે, નરને મારે નાર;
થીર રહેતી નથી ઘરણી, ગુણી બને ગમાર. મારા.
ભુલો નહી તમે ભામનીમાં, કરો પુરણ વીચાર;
લવજી પુત્રની લાસ કરત હું, ગુણી બને ગમાર. મારા.

કડવી— **સૈયર શું દુઃખ દાખવું. એ રાગ.**

સુકળ સ્વામી તમે સાંભળો, વીનતી મારી આજ;
કરજોડી હું કરગરૂ, રાખો મારી તમે લાજ. ટેક.
મારો વાંક બધો આવીઓ, કુડું કીધું મેં કામ;
ફટકાર મુજને હે ખરે, વલ્લભી લોક તમામ. સુકળ.
કરશો નહીં કોઈ કામની, આવા કુડાં કાજ;
રહેશે નહી આ જગતમાં, લલના કેરી લાજ. સુકળ.
જાહેર કરૂ તું આ જગતમાં, સ્વામી કહુંછું સાફ;
એક ગુનો તો અધીપતી, કરે કેદીને માફ. સુકળ.
જશ લેવો હોય જો જગતમાં, કસ્તુર જેવાં કરો કામ;
અજબ પુત્રી મણી એહની, આપે તેને આરામ. સુકળ.

હેમરાજ—રંગ અનંગ રમે કામની, દીલમાં કપટ તમામ;
જમીન જોરૂ જરને વળી, અંતે કરાવે આમ. ટેક.
છેદુ તારા નાક કાન હું, રહેમ નહીં લગાર;
નીદયવાળી છે હત્યારી તેં, ધીક તુંને ધીક્કાર. રંગ.
મને મુજ વીતે તો મારીઓ, નઠારી હે નાર;
નેત્રથી તું શું નીહાળે છે, ધીક તુંને આવાર રંગ.
કરશો નહી કોઈ જન કામની, બીજીનું હોય જો બાળ.
ઈસકમાં અંધ બનશો તો, દુખી થશે તે બાળ. રંગ.
(હેમરાજ કડવીને મારે છે કડવી રાડો પાડે છે એટલામાં)

કેસ્તુર–(આવીને) **મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ.**

કડવી કર તુ વીચાર, અરે વેણુ મારા;
ખતા ખાઇ બેઠી ખરે ખાત, કીસમત તારા. ટેક.
લીખા બીધાતાએ લખી, મટે ન બેની મારી;
ફાંશામાં ફશાણી આજ, બની દુઃખકારી.

કડવી– કસ્તુર કર્યો નહી વીચાર, બની દુઃખકારી,
હેરાન બની છું હાલ, સખી આવારી;
છેલ્લા છે તુંને રાગ રામ, કહું વીસતારી.
આ દુઃખ શેવવું પડે..............

કસ્તુર–... ....કીસમત તારી.

હેમરાજ–પુરૂષ જે પૃથ્વી માંહી, નારીને તાબે;
ચંચલ નહીં તે ચતુર, કામાને કાબે.
તન મન સોંપી દેનાર, જુઠું તે જાણો;
કરો નહી કામા વીશ્વાસ, સજ્જ સહુ જાણો.

કસ્તુર–[**ખુદા દોસ્ત સુલતાનકી પ્યારી. એ રાગ.**]

ચતુર બોલો ચીતમાં વીચારી, બુદ્ધી કેમ ફરી છે તમારી.ટેક.
વઢવાડ તમે તો નીત્ય કરો છો, કોઇએ ભરમાવ્યા છે ભારી
તદન વાંક છેજ તમારો, અપકીર્તિ થાય છે તમારી. ચતુર
ઓરત જાતી કમ બુદ્ધિ હોય છે, નર કળા અપારી;
ઘરમાં ટટો હાથે કરી ઘાલો છો, ઇજતજ છે આવારી.ચતુર
નીત્ય કહેવું ઘટે નહી તમને; બુદ્ધિ છે કમ હમારી;
છેલ ચતુર સમજો તમે શાણા, હેમરાજ કહું વારમવારી.ચતુર

હેમરાજ—(મેનાવતી માતા, એ રાગ.)

સુ કહો છો અમને, કસ્તુર મારોરે કાંઇ વાંક નથી. ટે.
ડંગો વાગે દેશની અંદર, સુણે સર્વે લોક:
તારી બેની ચંડાલણી કડવી, કજીયા કરે નીત્ય ફોકરે સુ કહો.
લીલ બન્યો હું આલમ નામા, કામા બન્યો આ ધન:
સહે નહી દુઃખ મારી જેવું કોઇ,મુંગા સ્વપનું દીન દીનો.શું કહો.
નીચ જાત ઓરતની જાણો, જલાદ કરતાં બેજ;

સાહસ કરતાં ચડે ન દયા, તેના દીલમાં લેશરે. શું કહો.
લવજી પુત્રને મારવા માટે, કેવી થઇ તૈયાર;
મહારીજ પાસે મરાવા બેઠી, ધીક તુંને ધીકારરે. શું કહો.

લવજી–(ભલેને અપક્રોધ કરી. અથવા અંગ્રેજી રાહ.)

મુજમાં વાંક બધો છે બેની, શીદ કહે છે તેને તહી;
ચતુર હું બની ચંડાલી, ધીક ધીક મુજને અહીં. ટેક.
લખી લેખ બીધાતા બેઠી, કોપ તે તો ગઇ કરી;
માં કીધું તેં બેની મારી, માન્યું નહી મેં જરી. મુજ,
નીરાસ થઇ બેઠી હું નારી, દુઃખ દરીયા વરે લયો ખરે;
રંગ ઞનાગલ તો દીલમાં, ઉલટો શોક થયો અરે. મુજ

લવજી–(આવીને) ગગન મીત્ર કહુંતો તો મારો, લડાઇ ઘેર તારે તહીં;
જ્યારે હું આવું ત્યારે તો, આમને આમ છે સહી. ગગન.
નહીં વાત વીચારો મનમાં, સદા ટટો છોડો તમે;
મન વાત વીચારી માતા, રૂદન કરોને હવે તમે. ગગન.

કડવી–હીંગત રાખ જો દુષ્ટ હયામાં, વેણુ છે તારા અંકારા.

હેરામજ–(ક્રોધમા)નો બેલ ગધીરે ચંદ, કાન કાન કાપુ તારા મગ,
(કાનનાક કાપી લ્યે છે કડવી બેશુદ્ધ થઇ પડે છે તે વખતે.)

કસ્તુર–મારા સ્વામી બોલોને બાળા એ રાગ.

હીંગત હારી બેઠી સખી મારી, તદન બેની બની દુઃખકારી. ટેક,
દહી દુઃખ પસ્તાણીઆજી, પુત્ર દેખી રહી નહી રાજી. મહી૦
વીર નહીવાર કરે તારી, હતી પતી કેરી અતી પ્યારી. હીમ૦
સહુરસસમજી નહી શાણી, બુદ્ધિ ધીક બેની તારી જાણી. હમ૦

લવજી–(સ્વગત) **સીહાનો કનરો.**

ઇશ્વર ગતી અતી તારી છે ન્યારી, પોચે નહીં મતી ત્યાંજ મારી. ટેક.
તન મનને વળી ધનથી નમું છું, રાખો મને સદા સુખકારી. ઇશ્વર.
રહે સદા સુખકારી મીત્ર મુજ, તેનો બહુ છું હુંતો આભારી. ઇશ્વર.
સુખ આપ્યું મુજને દુઃખ સમાવા, ત તો કેમ હું જઈશ વીસારી. ઇ,

કડવી—(જરા શુદ્ધમાં આવીને) **લલિત છંદ.**

રૂદન દુઃખથી, દીલડું અતી; અહીં માહીરું, કોઇ કોઇ નથી નથી; ટેક.

અરર આજરે, આમ ટુટીઓ, સુખ સરોવર, સર્વ ખુંટીઓ.
ગીરનાર હવે, સાય તમે કરો, દત્તાતરી દુઃખડું દીલમાં ધરો.
હેમ૦—આજ વહેજ છે, દુઃખ તું ખરી, દીલની ગાહી છે મોટી છરી.
રહે નહી અહીં, ભમે તું હવે, કુટે પીટેજથી, કાંઇ નહીં થવે.
કસ્તુર—ચંચલ સમજો, હેમરાજ હવે, અતીશે આજ તો, શું થશે લવે.
નેહ થકી રહો, સદાગે તમે, વાત માનોજતો તે બહુ ગમે.
હેમ૦—વાત કહુંજ તે, ચીતમાં ધરો, પછી કસ્તુર તમે, અંકારો કરો;
રગ અનગરમે, કામની સદા, કપટ દીલનો, તજે નહીં કદા;
સુખ થવા માટે, વીનતી કરો, સજન સેર તે, દીલમાં ધરો.

બધા સાથે—(વિનતી ધરજો ધ્યાન. એ રાગ.

કરજો વીચારીને કામ, સજનો, કરજો વીચારીને કામ, ટેક;
રાગ અનંગ રમાડે કામની, દીલ કપટ તમામ. સજનો.
નેન કટારી મારે જો લલના, પુરૂષ બને છે ગુલામ સજનો.
દિલની વાત કહે છે દારાને, તે છે મુરખનો જામ. સજનો.
નેહ રાખો તમે બાયું બાળકપર, સારૂં કરશે શ્રી રામ. સજનો.
પુરૂષને પણ એજ કહું છું, દીલમાં સમજો તમામ સજનો.
રૂસવાઇ કરો નહી ઓરમાન, બાળની, તે છે જણેલ તમામ. સજનો.
થર થરતી જાંગે તમે જણો છો, તેમજ સમો તે ઠામ. સજનો.
ચુરધર ગીરધર વાર કરશે તમ, ભજી લીઓને સીતારામ. સજનો.
સમજો ચતુર જન સર્વે શાણા, યાદ રાખજો એ કામ. સજનો
ઇશ્વર કૃપાથી આજ રચી મેં, પુરૂ કીધું છે તમામ. સજનો.
એહી અરજ ધરો બાયું ઉરમાં, કરો નહીં સાહસ કામ. સજને
હીંમત તજો નહીં મરતાં નારી, રાખો હૈયામાં હામ. સ૦
કરશો નહી બીજી કાઈજન કામની, દુઃખી થશે બાળ તમામ. સ૦
રહે નહી કદી બાળ સુખી તે; દીલમાં દુઃખી તે ઠામ. સ૦
નારી નરને બાળક બુઢા; ગોતો સર્વે મારૂ નામ. સજનો.
રેહેમ રાખજો નીશદીન મુજપર; કૃપા રાખજો તમામ. સજનો.
નીત્ય નમે દાસ દાદુ તમને: ભાવનગર કસબાતી હજામ. સજનો.

સંગીત સાવકી માનો જુલમ સંપુર્ણ.

ભાવનગરના કુલ મુસલમાનનો ઉપકાર.

દોહરા.

ભલા સીપાઈ ભાવનગરના, મેમણ મુજ મેહેરબાન;
ઘાંસી ઘાયલ થઈ ફરે; માંગત દેત પ્રાણ
હજામને પાળે હેતથી, કાસમ જે કેહેવાય;
દાદુને પાળો દીલથકી, સુખ સર્વે તત્પ થાય.

અગાઉથી હીમ્મત દેનાર મીત્રોના નામ.

બુક સાથે અર્પણ કરૂં છું.

ભાવનગર.

પ્રત. નામ.

૫૦ જમાદાર રેહેમાન સેખ જીવાભાઈ.
૧ સીપાઈ રેમાન સેખ કેસરભાઈ
૧ સીપાઈ નનું હસનભાઈ સીહોરવાળા.
૧ ખવાસ ભવાન ગીગા
૧ મુની દુલભ હરગોવીનદાસ.
૧૦૦ મેમણ મહમદ સલેમાન હોકાવાળા
કંશારા આણંદજી નાગરદાસ
[illegible]ંશારા મોતીલાલ રૂપચંદ.
[illegible]ારા પરભુદાસ મુળચંદ.

શીહોરમાં.

[illegible] ત્રવાડી મૈયાશંકર કરશનલાલ મોઢ.
૧ દવે૦ ભવાનીશંકર પનજી મોઢ
૧ કંશારા ન્યાલચંદ ભાઈચંદ.
૧ કંશારા ઝવેરલાલ લાલચંદ.
૧ કંશારા મુળજી નાનજી.
૧ કંશારા લલુ સવજી.
૧ કંશારા ગોપાળજી મોતીચંદ.
૧ કંશારા હરજીવન રાઈસદ.
૧ શંઘવી છબીલદાસ ગીરધર.
૧ સલાટ રાઈચંદ દામજી.
૧ શા તલકચંદ ખીમચંદ.
૧ કંશારા ઝવેરલાલ હરી.
૧ કંશારા નીચાલ વાલજી.
૧ કંશારા મોહન જાંખું.
૧ કંશારા ઘેલા જીવરાજ.
૧ કંશારા માણેકચંદ વનમાળી.
૧ કંશારા ઓધવજી ગીગા.
૧ મેમણ ફાજલ રેહેમતઅલા.
૧ બાવા અમરૂગર મંગળગર.
૧ ફકીર આલમશા સુલતાનશા.
૧ વાણંદ વાલજી જીવન
૧ સીપાઈ હનુ સરદાર અસ્વાર.

૧ સીપાઈ અલીભાઈ ચાંદભાઈ.
૫૦ બુકસેલર જોશી વનમાળી ગાંડા કનૈયા.
૧ સુવાર નથુ માધવજી. સુડી બનાવનાર.
૧ મેતા અમરતલાલ જીવન તમાકુવાળા.
૧ સીપાઈ હાસમ હનુભાઈ.
૧ સીપાઈ હાસમ કેસર.
૧ સીપાઇ જીજી હસન ખરેસી
૧ સોની નંદલાલ નથું.

વળેમાં.

૧ સીપાઇ મોતીખાં હસનખાં.

પાલીતણામાં.

૧૦ સારસત દલપતરામ આણંદજી

મહુવામાં.

૧ કંસારા કરશન મુળજી.
૧ કંસારા તારાચંદ લાલચંદ.

વિરમગામમાં.

૧ શા મથુરદાસ રણછોડદાસ.

દામનગરમાં.

૧ હજામ જેઠા રાઘવ.
૧ હજામ ગગા સુમાર ધામેલવાળા

અમરેલીમાં.

૧ કંસારા ધરમશી મોતીચંદ.

જુનાગઢમાં

૧ કંસારા અંદરજી લાલજી.
૧ કંસારા રામજી ગોકળદાસ.

ધોળાજીમાં

૨ હજામ સલેમાન અલી.

મેગણીમાં

૧ મુસલમાન ખત્રી હસન આમરામ
૧ હજામ જીવણ મામદ
૧ હજામ કાસમ ઊર્ફે પોપટ હસન

સમાપ્ત.

જાહેર ખબર.

મારા બનાવેલ પુસ્તક મધુમાપુરીના મહારાજા માનસિંહ ફુલવંતી નાટક તથા સીહોરની રચના અને બીજી વિનંતી થોડા દિવસમાં છપાઈ બહાર પડશે માટે જે સાહેબોને અગાઉ ખરીદ કરવી હોય તો મને પત્ર લખી જણાવશો નાટપેટ કાગળ લેવામાં આવશે નહી.

આ પુસ્તક નીચે લખેલા ઠેકાણેથી મળશે.

સીહોરમાં—વ્યાસ નરસિંહ બેચર પાસેથી ઠેકાણું કંસારા બજાર મોખરી મસીદને સામેની દુકાનેથી મળશે તથા સીપાઈ અબદલા ખુબભાઈ બુકસેલ્ડ તમામ જાતના પુસ્તકો બાંધનાર તથા વેચનાર ઠે. મકાતે પાનવાળાની દુકાન પાસે.

પાલીતાણામાં—સારસ્વત ઓધવજી આણંદજી પાસેથી ઠે. ભૈરવને દરવાજે ખતરીવાડમાં.

ભાવનગરમ—કર્ત્તા પાસેથી તથા મેમણ આદમજી વલી પાસેથી ઠે. નારીની બારી, સ્ટેશનની સડકે.

સહી હજામ દાદુ કાશમ કસબાતિ.
ઠે. નારીની બારી પાસે અંબાજીનો વડપાસે. } મુ. ભાવ:
આરબી હજામની શેરીમાં ઘર નં. ૨૫૫